### EWSના અમલનો ગુજરાત સરકારના ચાર્ટને AICTEની મંજૂરી

# સ્વતંત્ર ખાનગી અને ડિમ્ડ યુનિવર્સિટીઓ પર નિયંત્રણ લાવવા વિચારણા : AICTE

## ઈજનેરોની ડિમાન્ડ ઓછી થઈ નથી પરંતુ જરૂર કરતાં વધુ સીટ આપી દેવાથી સીટ ખાલી રહે છે

। અમદાવાદ ।

'છેલ્લા પાંચ વર્ષમાં ઈજનેરી કોલેજોની ચાર લાખ કરતાં વધુ સીટ ઘટી તેની પાછળ ઈજનેરોની ડિમાન્ડ ઓછી થઈ છે તેવું નથી. વાસ્તવિકતા એ છે કે છેલ્લા પાંચ-છ વર્ષમાં દેશમાં ખાનગી અને ડીમ્ડ યુનિવર્સિટીઓ સારા એવા પ્રમાણમાં સ્થપાઈ છે. આ યુનિવર્સિટીઓ એઆઈસીટીઈ, યુજીસી કે એમએચઆરડી કોઈના નિયંત્રણમાં નથી. બે લાખ જેવા વિદ્યાર્થીઓ ત્યાં ચાલ્યા જાય છે. ખાનગી અને ડીમ્ડ યુનિવર્સિટીઓને નિયંત્રણમાં લાવવા વિચારણા ચાલી રહી છે. ટેકનિકલ શિક્ષણનું ભાવિ ખૂબ ઉજ્જવળ છે', તેમ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનના ચેરમેન ડો.અનિલ સહસ્ત્રબુધ્ધેએ કહ્યું હતું.

ઈડીઆઈઆઈ ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન પોલિસીની વાર્ષિક પરિષદમાં હાજરી આપવા આવેલા એઆઈસીટીઈના ચેરમેન સહસ્ત્રબુધ્ધએ કહ્યું કે ટેકનિકલ શિક્ષણનું ભાવિ ઉજ્જવળ છે. ટેકનિકલ શિક્ષણ જ ચાલશે. જ્યાં ૧૦ લાખ સીટની જરૂર હતી ત્યાં ૧૬ થી ૧૮ લાખ સીટ મંજૂર કરાઈ. પરિણામે સીટ તો ખાલી રહેવાની જ. ખાનગી યુનિવર્સિટી અને ડીમ્ડ યુનિવર્સિટી સ્ટેટ એસેમ્બલીથી બનતી હોય ગમે તેટલી સીટ વધારી શકે છે. સુપ્રીમ કોર્ટે ડીમ્ડ અને ખાનગી યુનિ. ચલાવવા એઆઈસીટીઈની મંજૂરી જરૂરી હોવાનો ચુકાદો આપતા હવે તેના પર નિયંત્રણ આવશે. ઈડબલ્યુએસ અંગે તેમણે કહ્યું કે ૫૦ ટકા અનામતને અસર કર્યા વગર દસ ટકા ઈડબલ્યુએસનો અમલ થશે. ગુજરાત સરકારે ઈડબલ્યુએસનો કેવી રીતે અમલ થશે તેનો ચાર્ટ બનાવી આપ્યો છે તેને અમે મંજૂર કર્યો છે. જ્યાં ૬૦ વિદ્યાર્થી બેસે છે ત્યાં ૭૦ વિદ્યાર્થી બેસશે. લેબોરેટરીમાં સ્ટાફની જરૂર પડશે. જેથી અમે અને યુજીસીએ તમામ યુનિવર્સિટીઓને ૧૦૦ દિવસની અંદર ખાલી જગ્યા ભરવા આદેશ કર્યો છે. તેમણે કહ્યું કે ડીએસટી સિવાય કેન્દ્ર સરકારના અનેક વિભાગો શિક્ષણ માટે નાણાં આપે છે. પરંતુ તેને લેવા માટે કોઈ કોલેજ કે ફેકલ્ટી દરખાસ્ત કરતા નથી. ફેકલ્ટીને કેવી રીતે દરખાસ્ત તૈયાર કરવી તેની ટ્રેનિંગ આપવાની જરૂર છે. માત્ર સ્ટેટ ગવર્નમેન્ટ કે એમએચઆરડી પર નિર્ભર રહેવાની જરૂર નથી.